R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૯
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-25 • ISSUE: 12 DATE: 19-03-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ધ રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ બિલ ૨૦૧૫ પસાર થવાથી બિલ્ડરો હવે ગ્રાહકોને છેતરી નહીં શકે

પોતાનું ઘર ખરીદનારા ગ્રાહકો માટે આનંદના સમાચાર એ છે કે તેમના હિતોનું રક્ષણ કરતું અને રિયલ એસ્ટેટ સેકટરને નિયમિત કરવા માટેનું બિલ રાજ્યસભામાં પસાર થઈ ગયું છે.આ બિલની જોગવાઈઓને કારણે હવે બિલ્ડર્સ ગ્રાહકોને છેતરી નહીં શકે.બિલને કારણે મકાનોના ભાવમાં સ્થિરતા અને તેજી આવશે.સરકાર માને છે કે આનાથી આ ક્ષેત્રે રોકાણ કરનારાઓનો વિશ્વાસ વધશે. ધ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ બિલ ૨૦૧૫ની વિચારણા અને પસાર કરવા માટે રજુ કરતાં શહેરી વિકાસ મંત્રી એમ.વૈકૈયા નાયડુએ જણાવ્યુ હતું કે આ ક્ષેત્રમાં વધુ પારદર્શિતા લાવવા અને ખરીદકારોના હિતોનું રક્ષણ કરવાનો તેનો હેતુ છે.વિરોધ પક્ષ કોગ્રેસે આ બિલને તેનું સમર્થન આપ્યું હતું.તે પછી ગૃહમાં મૌખિક મતદાનથી મંજુર થયું હતું.

ગ્રાહકો માટે સમયસર તેમની મિલ્કતનો કબજો મેળવી શકાશે.બિલમાં એવી જોગવાઈ છે કે ખરીદકર્તા પાસેથી લેવામાં આવેલી૭૦ ટકા રકમ એક અલગ ખાતામાં જમા કરાવવાની રહેશે.બિલ્ડરોએ પ્રોજેકટ લેઆઉટ, મંજુરી,જમીનની સ્થિતિ, કોન્ટ્રાકટર્સ, સમયપત્રક અને પ્રોજેકટને પુર્ણ કરવાના સમય જેવી તમામ માહીતી ગ્રાહકોને અને આરઈઆરએને આપવાની રહેશે.જે બિલ્ડર પ્રોપર્ટી ખરીદનારને તેનું પઝેશન સમયસર નહીં આપે તો તેણી એટલી જ રકમ વ્યાજપેટે ચુકવવાની રહેશે. કે જે પેમેન્ટમાં વિલંબ પર ખરીદદાર પાસેથી વસુલે છે.ઉપરાંત પ્રોપર્ટી સુપર એરીયા ના આધારે વેચી ના શકાય.જો ખરીદદારને તેની પ્રોપર્ટીમાં કોઈ માળખાકીય ખામી દેખાય તો તે એક મિલકત મેળવ્યાના એક વર્ષની અંર વેચાણ પછીની સર્વિસ બિલ્ડર પાસેથી માંગી શકે છે.ખરીદકર્તાની સંમતિ વગર બિલ્ડર પ્લાનમાં કોઈપણ ફેરફાર કરી શકશે નહીં.

શહેરી વિકાસ મંત્રી વૈકૈયા નાયડુએ જણાવ્યુ હતું કે આમાં ધર્મ,જાતિ,પંથ,પ્રાંત કે લિંગના આધારે કોઈપણ પ્રકારનો ભેદભાવ નહીં સાંખી લેવાની જોગવાઈ છે.જેને નિયમોમાં સામેલ કરી દેવાશે.તમામ પ્રકારની મંજુરીઓ માટે સિંગલ વિન્ડો મંજુરી રહેશે.

આ બિલમાં એપેલેટ ટ્રીબ્યુનલ્સના આદેશોનું પાલન નહી કરાય તો બિલ્ડર્સને ત્રણ વર્ષની અને રીયલ એસ્ટેટ એજન્ટને એક વર્ષના કારાવાસની અથવા નાણાંકીય દંડ અથવા બંનેની જોગવાઈ છે.

હવે આ બિલને કારણે જમીનની જગ્યા ૫૦૦ ચો.મી. કે આઠ એપાર્ટમેન્ટથી વધુ હોય તેવા તમામ કોમર્શીયલ અને રહેણાંક રીયલ એસ્ટેટ પ્રોજેક્ટો માટે પ્રોજેક્ટ લોંચ થતા પહેલાં તેની નોંધણી નિયમનકાર પાસે કરાવવાની ફરજીયાત રહેશે. આ બિલને કારણે રહેણાંક અને કોમર્શિયલ પ્રોજેકટોને લગતા સોદાઓને નિયમિત કરવા તેઓ સમયસર પુર્ણ થાય અને તે સમયસર તેનો કબજો લોકોને મળે તેની ખાતરી માટે રાજ્ય સ્તરે રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીઝ ઊભુ કરવામાં મદદ મળશે.

એપેલેટ ટ્રીબ્યુનલ હવે અગાઉના ૯૦ દિવસની સરખામણીમાં માત્ર ૬૦ દિવસમાં જ કેસોનો ચુકાદો આપી દેવાનો રહેશે.એવીજ રીતે રેગ્યુલેટરી ઓથોરીઝને પણ ૬૦ દિવસમાં ફરિયાદોનો ઉકેલ લાવી દેવો પડશે તેમ જણાવતાં નાયડુએ ઉમેર્યું હતું કે આ બિલ માત્ર નિયમન જ છે કોઈનું ગળુ દબાવવા માટે નથી.

## છત્તીસગઢના રાયપુરમાં આવેલ ચર્ચ ઉપર બજરંગદળના કાર્યકરો દ્વારા હિંસક હુમલો



છત્તીસગઢની રાજધાની રાયપુરના ખમારહિદ વિસ્તારમાં આવેલા ચર્ચ પર રવિવારની પ્રાર્થનાસભા ચાલી રહી હતી ત્યારે કેટલાક અજાણ્યા લોકોના જુથોએ હુમલો કર્યો હતો.રવિવારની બપોરે આશરે ૫૦ જેટલા ખ્રિસ્તી સમાજના લોકો એકઠા મળીને પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે વીસેક જેટલા કટ્ટરવાદીઓનું ટોળું ચર્ચમાં ઘુસી જઈને ચર્ચમાં તોડફોડ કરી હતી. ચર્ચમાં ધર્મપરિવર્તાન કરાવાતું હોવાનો આરોપ મુકીને તેમણે પ્રાર્થનાસભામાં ભાગ લઈ રહેલા લોકોને માર માર્યો હતો. જેમાં પાંચ ખ્રિસ્તીઓને ઈજા પહોચી હતી.

નજરે જોનારા લોકોએ જણાવ્યુ હતું કે હુમલાખોરો બાઈક પર આવ્યા હતા.તેમના ચહેરા પર નકાબ બાંધેલા હતા. જયશ્રી રામના નારા સાથે તોડફોડ કર્યા બાદ તેઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા.રાયપુર ક્રિશ્ચિયન ફોરમે આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ઘટનાસ્થળેથી ચાર બાઈક જપ્ત કરી હતી અને તેના આધારે આરોપીઓની શોધખોળ શરુ કરી હતી.પોલીસને શંકા છે કે આરોપીઓએ વાતાવરણને ડહોળવા માટે આ હુમલો કરાયો છે.

છત્તીસગઢ ક્રિશ્ચિયન ફોરમના અધ્યક્ષ અરુણ પન્નાલાલે જણાવ્યુ હતું કે બજરંગદળના કાર્યકરો દ્વારા હુમલો કરાયો છે. તેઓ બળપુર્વક ચર્ચમાં ઘુસી ગયા હતા.અને તોડફોડ શરુ કરી દીધી હતી.હુમલાખોરો જયશ્રીરામના નારા લગાવી રહ્યા હતા.અનો ધર્મપરિવર્તનનો આરોપ મુક્યો હતો. મહિલાઓના કપડાં ફાડી નાંખ્યા હતા.અને બે વર્ષના બાળકને ઉંચકીને ફેકી દીધું હતું.

પન્નાલાલે જણાવ્યુ હતું કે અહીં ધર્મપરિવર્તનની કોઈ કામગીરી થઈ રહી નહોતી.ગામના ખ્રિસ્તી પરિવારો દ્વારા અહીં ચર્ચનું નિર્માણ કરાયું હતું.રવિવારે તેઓ અહીં પ્રાર્થના કરવા એકઠા થયાં હતા.

રાયપુરના અધિક એસપી નીરજ ચંદ્રાકરે જણાવ્યું હતું કે પીડીતોની ફરિયાદના આધારે આઈપીસીની વિવિધ ધારા અંતગર્ત કેસ નોધાયો છે. તોફાનીઓની ચાર બાઈક જપ્ત કરી લેવાઈ છે.અને તેના આધારે શોધખોળ ચાલી રહી છે.

## બેકિંગ સુવિધાઓ વધારવા માટે નાગરિકોને અન્ય બેંકોના એટીમમાંથી પૈસા ઉપાડવાનો ચાર્જ નહી લેવાય

કેન્દ્ર સરકાર અન્ય બેંકોના એટીએમથી પૈસા ઉપાડવામાં નિર્ધારિત મર્યાદામાં લાગતો ચાર્જ નાબુદ કરવાની તૈયારીમાં છે.બેકિંગ સેવા અને સુવિધાના વિસ્તાર માટે નાણાં મંત્રાલય અને આરબીઆઈ વચ્ચે વિચાર વિમર્શ ચાલુ છે. ટુંક સમયમાં આ અંગે નિર્ણય લેવાશે.આરબીઆઈને રજુઆત કરવામાં આવી છે કે નિર્ધારિત સંખ્યાના ટ્રાન્ઝેકશન બાદ એટીએમમાંથી પૈસા ઉપાડવાનો લાગતો ચાર્જ નાબુદ કરવામાં આવે.અન્ય બેકોના એટીએમમાંથી નિર્ધારિત રકમ(એક લાખ)થી વધુ પૈસા ઉપાડવાની સ્થિતિમાં જ ચાર્જ વસુલવામાં આવે. તેનાથી મધ્યમવર્ગને પ્રત્યક્ષ ફાયદો થશે.જેમને નિર્ધારિત સંખ્યા બાદ પોતે જે બેંકમાં ખાતુ ધરાવતા હોય તે બેંકનું જ એટીએમ શોધવુ પડે છે. બીજા વિકલ્પ તરીકે અન્ય બેન્કના એટીએમમાંથી ઉપાડની સખ્યા વધારવા(૧૦થી ૧૫ કરવાનું કહેવામાં આવ્યુ છે.

## અમેરિકા બાદ બ્રિટને વિઝા ફીમાં વધારો કરવાનો નિર્ણય લીધો

અમેરિકા બાદ બ્રિટને પણ હવે વિઝા ફીમાં વધારો કરવાની જાહેરાત કરી છે. યુકેની વિઝા ફીમાં ૨ ટકાથી માંડીને ૨૫ ટકા સુધીનો વધારો થશે. યુકેના આ નિર્ણયથી ત્યાં જનારા હજારો ભારતીયોને મોટો ઝટકો પડશે.વિઝા ફી વધારો ૧૮ માર્ચથી લાગુ પડશે.વિઝાના દરોમાં વધારો કરવાનો પ્રસ્તાવ જાન્યુઆરીમાં મુકવામાં આવ્યો હતો.જેમાં સરકારને શોર્ટ વિઝા ફીમાં ૨ ટકા અને લોન્ગટર્મમાં ૨૫ ટકા ફીનો વધારો સુચવવામાં આવ્યો હતો

યુકેના ગૃહ વિભાગનું કહેવું છે કે વિઝા ફીમાં વધારો થવાથી કરદાતાઓના નાણાંની બચત થશે.જેનો ઉપયોગ ઈમીગ્રેશન અને સીટીઝનશીપ સિસ્ટમાં થતો હતો. આ માટે સરકાર ૨૦૨૦ સુધીમાં સિસ્ટમને સેલ્ફ ફન્ડેડ કરવા માટે કામ કરશે.જેનાથી એવા લોકોના નાણાં ઉપયોગ થશે જેઓ આવા વિઝાનો ઉપયોગ કરે છે.બ્રિટનની હોમ ઓફીસે જણાવ્યુ હતું કે વિઝા ફીને એવી રીતે વધારવામાં આવી છે કે જેથી સેલ્ફ ફન્ડીંગનું લક્ષ્ય પુરુ થઈ જાય અને લોકો પર વધારે ભારણ પણ ન પડે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

ભ્રષ્ટાચાર ક્યાં નથી.જ્યાં જાવ અને જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર.ભ્રષ્ટાચારની રીતો અલગ અલગ છે અને ભ્રષ્ટાચારની કેપેસીટીઓ અલગ અલગ છે. સામાન્ય પટાવાળાની કક્ષાનો માણસ નાની રકમનો ભ્રષ્ટાચાર કરે, જ્યારે મોટી ખુરશી પર બેસેલો માનવી તેની કક્ષાનો ભ્રષ્ટાચાર કરે.તાજેતરમાં બ્રાઝિલના ઈતિહાસમાં સૌથી મોટા ભ્રષ્ટાચાર કૌભાંડ બદલ લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો અને દેશના ૩૨૬ શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજાયા.ભ્રષ્ટાચારમાં જેમની સંડોવણી છે તે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ છે. તેમની સામે વિરોધનો વંટોળ વધી રહ્યો છે.બ્રાઝિલના ઈતિહાસમાં સૌથી મોટા કોભાંડ અને ભ્રષ્ટાચાર બદલ લોકો તેમને દોષિત માની રહ્યા છે.તેમના વિરુધ્ધ મહાભિયોગની કામગીરી ઝડપથી થાય તેવી માંગણી કરી રહ્યા છે.ટુંકમાં લોકો એવું ઈચ્છે છે કે પ્રમુખ દિલમાં રૌસેફ સત્તા છોડે.

બ્રાઝિલના ૨૬ જેટલા જિલ્લાઓમાં તેમના વિરુધ્ધ દેખાવો ચાલી રહ્યા છે.રેલીઓ ,સુત્રોચ્ચારો થતા રહ્યા છે. સાઉ પાઉલો ખાતે તો સાડચાર લાખ લોકો વિરોધ દેખાવો માટે ઉમટી પડ્યા હતા.બ્રાઝિલીયા શહેરમાં ૧લાખ લોકો વિરોધમાં ઉતરી આવ્યા હતા.રીયો ડી જાનેરો બીચ ખાતે પણ જંગી મેદની ઉમટી હતી. પોસી સુત્રો મુજબ ૩૨૬ શહેરોમાં યોજાયેલા વિરોધ દેખાવોમાં ૩૫ લાખ લોકો ઉમટી પડ્યા હતા.દેખાવકારોએ નેશનલ ફુટબોલ ટીમના ગણવેશ જેવા પીળા ટીશર્ટ ધારણ કર્યા હતા.તે પૈકી ટીશર્ટ પર લખ્યુ હતું કે ઈમ્પીચમેન્ટ નાવ. લોકજુવાળ જોતાં પ્રમુખ ચાર વર્ષની મુદત પુરી કરે તેવી શક્યતા ભાગ્યે જ કહી શકાય.

પ્રમુખ વિરુધ્ધ ભ્રષ્ટાચારના મામલે લોકજુવાળ ફાટી નીકળ્યો છે.છતાં નોંધનીય બાબત એ છે કે સરકાર વિરુધ્ધ થતાં દેખાવો છતાં પણ પોલીસે કોઈ ઉગ્ર કાર્યવાહી કરી નથી.આપણા દેશમાં જો સરકાર વિરુધ્ધ જો કોઈ કાર્યવાહી કરવામાં આવે તો તેની અવદશા શું થાય તે તાજેતરમાં થયેલી ઘટનાઓ પરથી દેખાઈ આવે છે.લોકશાહીમાં કહેવાતા ફેર અને દુર્દશાની એક વૈવીધ્ય ભરેલી કરુણતા આ છે કે અહીંયા દેશદ્રોહ નો ગુનો દાખલ કરી જેલમાં સબડવા છોડી દેવાય છે.

## જાણવા જેવું !

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઈટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઈ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઈ શકે છે.

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઈતિહાસમાં ધી ક્રેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઈ જવાતો હતો.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# અંદાજપત્રમાં સુચવાયેલ ઇપીએફ ઉપાડ પર સરકારી ટેક્સ લાગશેની સરકારે કરેલી જાહેરાત પરત લેવાઇ

૨૦૧૬-૧૭ના રજુ કરાયેલ અંદાજપત્રમાં સરકારે ઈપીએફમાંથી ઉપાડ કરવા પર ટેક્સ લાગુ કરવાનો ઈરાદો જાહેર કર્યો હતો. પરંતુ કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીએ આ ટેક્સ પરત લેવાની જાહેરાત લોકસભામાં કરી હતી.અને ઈપીએફની ઉપાડ પરની રકમ પરનો લેવાનો ટેકસની દરખાસ્ત પડતી મુકવામાં આવી હતી.

આ મુદ્દે છેલ્લા એક સપ્તાહથી વિપક્ષો અને કર્મચારી સંગઠનો દ્વારા મોટા પાયે આ બાબતે વિરોધ નોધાવવામાં આવ્યો હતો.આ વિરોધ જોતાં વડાપ્રધાને જેટલીને આ મુદ્દે ઉકેલ લાવવા તાકીદ કરી હતી.ભારે હોબાળા બાદ સરકારે પ્રજાહિતમાં આ નિર્ણય લીધો હતો.રાજકીય સુત્રોના માનવા મુજબ આગામી સમયમાં કેરળ,પશ્ચિમ બંગાળ,આસામ, પાંડેચરી અને તામિલનાડુમાં ચુંટણીઓ યોજાનાર છે.આ ચુંટણીઓમાં પહેલેથી ડેમેજ કન્ટ્રોલ કરવાનો પ્રયાસ છે. કોગ્રેસ દ્વારા ઈપીએફના ઉપાડ પર લાગુ કર બાબતે મોટાપાયે અને આક્રમક વિરોધ કરવામાં આવ્યો હતો.જંતર મંતર ખાતે આ બાબતે કોગ્રેસે મોટાપાયે પ્રદર્શન યોજ્યુ હતુ.તેમણે સરકારનું પુતળા દહન કર્યુ હતું.કેન્દ્ર સરકાર ગરીબ અને મધ્યમવર્ગ વિરોધી છે તેથી આ ટેકસ લાદવામાં આવ્યો છે તેવો સુર નિકળતા સરકારે આખરે આ ટેકસની દરખાસ્ત પરત કરી હતી.બજેટ જાહેર કરવા દરમિયાન જેટલીએ કહ્યુ હતું કે ૧ એપ્રિલ ૨૦૧૬ પછી ઈપીએફમાંથી થનારા ઉપાડની ૬૦ ટકા રકમ પર ટેકસ લાગુ કરવામાં આવશે.તેનો અર્થ એ થતો હતો કે૪૦ ટકા પર ટેક્સ લાગશે નહીં.ત્યારબાદ તમામ સ્તરે વિવાદ થતાં રેવન્યું સેક્રેટરીએ જણાવ્યું હતું કે ઈપીએફના ૬૦ ટકા કન્ટ્રીબ્યુશનના વ્યાજ પર ટેકસ લાગશે.૬૦ ટકા રકમ મુડી ગણાશે.અને તેના પર કોઈ ટેક્સ લાદવામાં આવશે નહીં.તેમણે એવું કહ્યુ હતું કે જેમનો પગાર મહિને ૧૫ હજારથી વધુ છે તેમનો અસર થશે.બીજી તરફ રાજ્યકક્ષાના નાણાં પ્રધાન જયંત સિંહાએ કહ્યુ હતું કે તમે પેન્શન સ્કીમમાં રોકાણ કરો તો તમારા ઉપાડ પર ટેક્સ લાગુ થશે.નાણાંમંત્રી જેટલી દ્વારા મુડી કે વ્યાજ બાબતે કોઈ ખુલાસા કરવામાં આવ્યા નહોતા.પરિણામે વિરોધ ખુબજ પ્રમાણમાં થયો.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# પાકિસ્તાનમાં ખ્રિસ્તી વિશ્વાસ ધરાવનારાઓની સતાવણી થાય છે




પાકિસ્તાની પત્રાસ હનીફ કે જે એક બાંધકામમાં મજુરી કરતો કામદાર છે.તેને તેના મુસ્લીમ સહયોગી કામદારો તરફથી ઈસ્લામ કબુલ કરવા મજબુર કરવામાં આવી રહ્યો છે.પરંતુ તે પ્રમાણે તે કરવા તૈયાર નથી તેથી તેને ધર્મનિંદાના કાયદામાં ફસાવી દેવાની ધમકી અપાઈ રહી છે.આ રીતે એક ખ્રિસ્તી વ્યક્તિની સતાવણી કરવામાં આવી રહી છે તેવા રીપોર્ટ આવ્યા છે.

“ તેઓ વારંવાર મને કાફીર કહીને સંબોધન કરે છે.કાફીરનો અર્થ એ થાય છે કે વફાદાર નહી એવા,અને વારંવાર મને ધર્મનિંદા કર્યાની ધમકી આપ્યા કરે છે.પરંતુ મે તેઓને ઈસ્લામ ધર્મ સ્વીકારવાની મનાઈ કરી છે. “ હનીફે આ વાત ફાઈડ ન્યુઝ એજન્સીને કહી હતી.પાકિસ્તાનમાં ધર્મનિંદા કરવી એ મોટો ગુનો છે તેની સજા મૃત્યુદંડ છે.જો કે હનીફે ઈસ્લામ કબુલ કરવાની ના પાડી છે અને તેણે ખ્રિસ્તી વકીલ સરદાર મુસ્તાક ગીલને આ સબંધી પોતાની કેફીયત જણાવી હતી.સરદાર મુસ્તાક ગીલ,નેશનલ ડીરેકટર ઓફ લીગલ ઈવેન્જલીકલ એસોસીએસ ડેવલપમેન્ટ છે.આ સંસ્થા પાકિસ્તાનમાં લઘુમતીઓના હક્કો માટે લડત ચલાવે છે.

ગીલ,સતાવણી કરવામાં આવેલ પાકિસ્તાનના ખ્રિસ્તીઓ માટેના તૈયાર થયેલા પીઢ વકીલ છે.તેમણે ક્રિશ્ચિયન પોસ્ટને જણાવ્યુ હતું કે ઈસ્લામીક એક્સટ્રીમીઝમનો હેતુ નોન મુસ્લીમોને દેશમાં તગડી મુકવાનો છે.તેથી પાકિસ્તાનમાં લઘુમતીઓની હેરાનગતિ થાય છે.પાકિસ્તાનમાં રાજકીય નેતાઓ અને ધાર્મિક નેતાઓ જાહેરમાં આવી બાબતોને માન્યતા આપતા નથી તેમજ ધાર્મિક સહિષ્ણુતા વધે તેવા પ્રોગ્રામો આપે છે.જેમાં તમામ નાગરિકોને સરખા હક્કો અને ગૌરવ આપવાની વાતો હોય છે.હનીફનો મુદ્દો સામાન્ય છે.પાકિસ્તાનમાં ખ્રિસ્તીઓની સતાવણી સામાન્ય બાબત બની ગઈ છે.ઈસ્લામીક એક્સટ્રીમીસ્ટ ગ્રુપ ખિસ્તીઓ અને બીજા લઘુમતી ધર્મોના લોકોને તેમના દેશમાં રહે તેવું ઈચ્છતા નથી.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર **બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

## સત્ય ઘટના આધારિત કથા

ભાઈ....કંડકટર... ભાઈ સા'બ, આ મારી દીકરી બસમાં એકલી જ છે એના મામાને ઘર જઈ રહી છે.તમે જરા એનું ધ્યાન રાખજો..ને..વાસણા આવે એટલે ઉતારી દેજો,ઊંઘી ગઈ હોય તો જગાડજો ! પંદર વર્ષ પહેલાંની ઘટના. ઓગષ્ટનો મહિનો હતો.વરસાદના દિવસો હતા. ચરોતરના એક જાણીતા ગામનો સુખી અને સમૃધ્ધ પટેલ પિતા એની તેર-ચૌદ વર્ષની દિકરી જયશ્રીને અમદાવાદ આવતી એસ.ટી બસમાં બેસાડતી વખતે કંડકટરને ભલામણ કરી રહ્યો હતો. છોકરીને જે સીટ ઉપર જગ્યા મળી , એજ બેઠક પર અમદાવાદના મુકેશભાઈ પણ બેઠા હતા અને ચુપચાપ આ દશ્ય જોઈ-સાંભળી રહ્યા હતા.

જયશ્રીના પિતા રમણ પટેલ બસ ઉપડવાની થઈ ત્યાં સુધી ઊભા રહ્યા. બારીમાંથી શિખામણ પીરસતા રહ્યા, બેટા, ખેતરનું કામ ન હોત, તો હું તારી સાથે જ આવ્યો હોત.આમ તને સાવ એકલી તો મોકલું જ નહીને !તુ પણ ભાર જીદ્દી નિકળી. મામાના ઘરે જવું છે...ભાઈને રાખડી બાંધવી જ છે,એક મહિનાથી આ બેજ વાક્યો સાંભળીને આખા ઘરના કાન પાકી ગયા. નહીતર આજ દિન સુધી તને ક્યાંય એકલી જવા દીધી નથી.

બાપની ચિંતા તો હજુયે જ હતી. જયશ્રી, બેટા, જાતનું ધ્યાન રાખજે.બારીમાંથી હાથ બહાર કાઢીશ નહીં.અને કળિયુગ છે. કોઈનોય વિશ્વાસ કરતી નહીં. પુરુષથી તો ખાસ ચેતતી રે જે. ચાલુ બસમાં કોઈ કંઈ ખાવા-પીવાનું આપે તો ના પાડી દેજે. વાસણા આવે એટલે કંડકટરને પુછી ખાતરી કરીને ઉતરી જજે.ત્યાં તો તારા મામા તને લેવા માટે આવી જ ગયેલા હશે. ઘરે પહોચ્યા પછી મને ફોન કરી દેજે કે તુ સહીસલામત પહોચી ગઈ છે.

બસ ચાલુ થઈ. એન્જીનની ઘરઘરાટીમાં બાપના શબ્દો ડુબી ગયા. જયશ્રીની બાજુમાં બેઠેલ ચાલીસ વર્ષના મુકેશભાઈ મનોમન વિચારી રહ્યા.બિચારો બાપ, શો જમાનો આવ્યો છે. દીકરી ભલે નાની હોય, તોય એના બાપને એની કેટલી બધી ફિકર હોય છે.આ બાપડી માંડ તેર-ચૌદ વર્ષની હશે. અંગ ઉપર હજુ તો જુવાની બેસવાને ચાર-પાંચ વર્ષની વાર લાગે છે. તોય એના બાપને દીકરી ક્યાંય ચુંથાઈ ન જાય એની ચિંતા સતાવે છે....બાપની ફિકર વાજબી પણ છે.શિકારીઓને તો શિકાર સાથે નિસ્બત છે. શિકારની ઉંમર સાથે એમને શી લેવા-દેવા ?

ટિકીટ...ટિકીટ... કરતો કંડકટર આખી બસમાં ફરી વળ્યો. જયશ્રીએ વાસણાની ટીકીટ માંગી. કંડકટરે પૈસા લીધા. ટિકિટ ફાડી આપી.સાથે હૈયાધારણ પણ આપી. ગભરાતી નહીં હો બેટા, વાસણા આવે એટલે હું તને.... અને તેમ છતાં જયશ્રી ગભરાતી રહી. બાજુમાં બેઠેલા મુકેશભાઈને યાદ કરાવતી રહી. દર અડધા કલાકે પુછતી રહી. વાસણા જતું તો નથી રહ્યું ને કાકા ? મને તો ઉંઘ આવે છે.પણ તમે ધ્યાન રાખજો, હો ને !મને જગાડવાનું ભુલી ન જતા .

આમ જુઓ તો આખીય ઘટના સુખાંત સાથે પુરી થઈ ગઈ હોત.પણ જીવનની સફર એટલી સરળ નથી હોતી..પાયામાં ધરબાયેલી સૌથી મોટી ગરબડ 'વાસણા'નામના કારણે સર્જાઈ ગઈ. ચરોતરમાં વાસણા નામનું એક સાવ નાનું ગામ છે એ વાતની ખબર કન્ડકટરને તો હતી જ. પણ અમદાવાદમાં રહેતા મુકેશભાઈને ન હતી. કંન્ડકટર છેક છેવાડાના ભાગે બારણાની બાજુમાં આવેલી એની બેઠકમાં બેઠો બેઠો ટિકીટનો વકરો ગણી રહ્યો હતો.ત્યાં વાસણ લખેલું પાટિયું ક્યારે પાછળ છુટી ગયું એ વાતની કોઈને ખબરજ ન રહી.મુકેશભાઈનું પોતાનું રહેવાનું અમદાવાદ જીવરાજપાર્ક વિસ્તારમાં.. એટલે એ તો એક જ વાસણાને ઓળખે. અને જ્યારે બસ અમદાવાદના વાસણા આગણ આવી પહોચી, ત્યારે મુકેશભાઈએ જયશ્રીને જગાડી. બેટા, વાસણા ળી ગયું. જયશ્રી તો ડઘાઈ ગઈ. આવડું મોટું શહેર, આટલી બધી ઝાકમઝોળ,આટલા બધાં વાહનો અને માણસોની ભીડ. બાપડી રડવા માંડી. મારે અંહી નથી ઉતરવું.મામાનું વાસણા તો સાવ નાનકડું છે.બસમાં મુસાફરો ભેગા થઈને એને છાની રાખવા માંડ્યા. કંન્ડકટરે રસ્તો ચીંધાડ્યો, બસ પોલીસ સ્ટેશને લઈ લઉં ? છોકરીને પોલીસના હાથમાં સોપીં દઈએ. એ લોકો એને સહીસલામત રીતે એના મામાને ઘરે પહોચાડી દેશે. પેસન્જરોમાંથી એક પણને આ સહિસલામત વાળી વાતમાં ભરોસો ન પડ્યો. જયશ્રીએ પણ છાપામાં પોલીસ સ્ટેશનમાં બનતી દુર્ઘટનાઓ વિશે વાંચેલું હતું. એટલે એનો ભેકડો વધારે મોટો થઈ ગયો. છેવટે મુકેશભાઈએ પુછ્યું. બેટા, મારામાં વિશ્વાસ પડે છે ? તો મારી સાથે ચાલ.

જયશ્રીએ મુકેશભાઈની આંખોમાં સજ્જનતા દેખાણી. એણે રડતાં-રડતાં હા પાડી દીધી. રિક્ષામાં મહેમાનને લઈને મુકેશભાઈ ઘરે આવ્યા.ત્યારે સાંજનો સુરજ એના આખરી કિરણો ફેંકીને અમદાવાદને આવજો કરી રહ્યો હતો.ફલેટમાં પહોચીને મુકેશભાઈએ પત્નીના હાથમાં જયશ્રીને સોપીં.પારકી થાપણ છે. આજની રાત આપણે સાચવવાની છે.

પત્નીએ જયશ્રીને સોડમાં લીધી. બે નાના દિકરાઓ જયશ્રીને વિંટળાઈ વળ્યા.જયશ્રી માટે ગરમ-ગરમ ભોજન પીરસાઈ ગયું.પણ જયશ્રીની હાલત કફોડી હતી.એક તરફ એના કાનમાં પિતાની શિખામણ ગુંજતી હતી. પારકા માણસોનો ભરોસો કરવો નહીં. કોઈ કશું ખાવા-પીવાનું આપે તો લેવું નહીં. એણે ભોજન કરવાની ના પાડી દીધી. બેટા તરી પાસે તારા ઘરનો કે મામાના ઘરનો ફોન નંબર છે ? તો હું વાત કરી લઉ...મુકેશભાઈએ રસ્તો કાઢ્યો.પણ જયશ્રી એટલી હદે ગભરાઈ ગઈ હતી કે એને કશું યાદ જ આવતું ન હતું. એણે એક જ વાતની રટ લીધી. 'મને ગમે તેમ કરીને મારા મામાને ઘેર લઈ જાવ, અત્યારેને અત્યારે જ'

ખુબ સમજાવી ત્યારે જયશ્રીએ બે કોળીયા ખાધા. રાત્રે સાડા નવ વાગ્યે મુકેશભાઈ એનો લઈનો પાછી એસ.ટી. સ્ટેશને પહોચ્યા. વાસણા જવા બસ ઉપડી. રાત્રે અગિયાર વાગે જયશ્રીના મામાના ઘેર પહોચ્યા.મામાના હાથમાં ભાણી સોપીં. બધી વાત કરી. ત્યાં સુધીમાં જયશ્રીના પિતાના ઘરે અને મામાના ઘેર રડારોળ જામી ચુકેલી હતી.જયશ્રી ગુમ થવાની વાતથી ધરતીકંપ મચી ગયો હતો.જયશ્રીને જીવતી જાગતી અને અખંડ હાલતમાં જોઈને બંને પરિવારોમાં હાશ વળી.રાત્રે વાસણાથી મુકેશભાઈ જ્યારે પોતાના ઘરે પાછા ફર્યા, ત્યારે ઘડિયાળમાં સાડા ત્રણ વાગ્યા હતા. પત્ની જાગતી સુતી હતી. 'એ લોકોને શાંતિ થઈ હશે નહી ?તમારો આભાર માન્યો કે નહી ? ' 'આપણે જે કર્યું તે માનવતા ખાતર કર્યું ને ? કોઈ આભાર માને કે ન માને એનાથી આપણને શો ફરક પડવાનો ? ' મુકેશભાઈના વાક્યોમાં રહેલી હતાશા સુચક હતી. પણ એમને ખબર નહોતી કે એમણે જે દીકરી માટે સદ્કાર્ય કર્યું એ એક પટેલની દીકરી હતી અને ચરોતરના પટેલો આભાર વ્યક્ત કરવાની વાતે ભલે 'જાડા' હોય છે. પણ હોય છે જબરા.. આ વાતની સાબિતી બીજા દિવસે મળી ગઈ. ગાડીઓમાં ભરાઈને જયશ્રીના માં-બાપ અને મામા-મામી પરિવાર આવી ચડ્યા.ભેટ-સોગાદો મુકેશભાઈના દિકરાઓ માટે હતી અને આભાર મુકેશભાઈ માટે હતો. જયશ્રીના પિતા રમણભાઈની આંખો ભીની હતી. જો તમે ન હોત તો મારી દીકરીનું શું થાત ?પછી એમણે દિકરીની દિશામાં ફરીને આદેશ આપ્યો. 'બેટા, તારા આ બે ભાઈઓના હાથ પર રાખડી બાંધ !' આજથી આપણો નવો સબંધ શરુ થાય છે.

રાખડી, રુપીયાની આપ-લે, ભોજન અને પછી ભાવભીની વિદાય. સબંધના દાણા આયખાના ખેતરમાં વવાઈ ચુક્યા હતા. હવે પ્રતિક્ષા હતી ફસલ ઉગવાની. ફસલ ઉગી અને મબલખ ઉગી. વર્ષમાં બે વાર જ્યારે વેકેશન પડે ત્યારે રમણ પટેલ મુકેશભાઈને સહકુટુંબ એમના ઘરે રજાઓ ગાળવા તેડાવે. બદલામાં રમણભાઈને તો વર્ષ દરમિયાન સો વાર અમદાવાનો ફેરો ખાવાનો થાય. દર વખતે ઉતરવાનું તો મુકેશભાઈના ઘરે જ હોય. અને રક્ષાબંધનના દિવસે જયશ્રી એકને બદલે બે વાસણાની મુલાકાત લેવાનું ચુકે નહી.

વર્ષો વિતતાં ગયાં. જયશ્રીએ કિશોરવસ્થાની વાડ કુદીને યૌવનના બગીચામાં પગ મુક્યો. સારી તો હતીજ,હવે સુંદર પણ દેખાવા માંડી. એના માટે મુરતિયાની શોધ ચાલી....આખરે અમેરિકામાં વસતો સુખી પરિવારનો ગ્રીનકાર્ડ હોલ્ડર જુવાન મળી ગયો. લગ્ન લેવાયા.

'આપણી જયશ્રી દીકરીના લગ્ન છે. કંઈ સુઝે છે 'મુકેશભાઈએ પત્નીએ પુછ્યું. 'એમાં વિચારવાનું શું હોય'જયશ્રી મને મામા કહે છે, મારે મામેરુ કરવું જ પડે ને ? મુકેશભાઈ સાવ સાધારણ સ્થિતિના માણસ હતા, તો પણ ગજા ઉપરવટનું મોસાળુ કરવા માટે જયશ્રીના માંડવે પહોચી ગયા. લગ્ન પતી ગયા.હનિમુન પણ પતી ગયું.મુરતિયાનું પાછા અમેરિકા જવાનું ટાણું નજીક આવી ગયું. જયશ્રીની પણ ત્યાં જવાની વિધિ કરવાની જ હી. એ માટે તો અમદાવાદ આવવું જ પડે.જયશ્રી એના વરનો લઈને મામાના ઘરે આવી. અમેરિકન મુરતિયાની નવાઈનો પાર ન હતો. આપણે પટેલ....અને મામા જૈન...?

જવાબમાં નવી-નવેલી દુલ્હને અતીતમાં બની ગયેલી વાસણા નામની શરતચુક વિશે માંડીને વાત કરી. પતિ બોલ્યો, 'વાઉ, જો આવી જ વાત હોય તો મામાનો સૌથી મોટો ઉપકાર તો મારા માથે કહેવાય ! પુછ કેવી રીતે ?કેવી રીતે ? એ રાતે જો મુકેશમામાએ તને બચાવી ન હોત, તો તું અત્યારે કયાં હોત ?મને પત્નીરુપે તો ન જ મળી હોત ને ! મારે પણ આ સબંધને યાદ રાખવો પડશે. કહીને એણે રુપાળી પત્નીને આલિંગનમાં લીધી. પતિપત્ની અમેરીકા પહોચી ગયા.

એ પછી એક દિવસ જયશ્રીના વરનો મુકેશભાઈ પર ફોન આવ્યો.' મામા, બે દિવસ હું તમારા ઘેર રહ્યા,એમાં હું તમારી આર્થિક તકલીફો અને ચિંતા વિશે ઘણું બધું જાણી ચુક્યો છું. પણ હવે તમે મુંઝાશો નહી, તમારા બંને દિકરાઓને કમ્પ્યુટરનું કે એમ.બી.એ.નું ભણાવો. હજુ તો બંને નાના છે પણ જેવા એ બંને જુવાન થાય. એવાજ હું એમને અમેરિકા બોલાવી લઈશ.... ના, ઉપકાર કરતો હોઉ એ રીતે નહીં, પણ બા-કાયદા એકની સાથે મારી સગી બહેન પરણાવીને અને બીજા માટે પણ મારા પરિચિતોમાંથી કોઈ યોગ્ય કન્યા શોધીને' સામો છેડો ચુપ હતો. માત્ર મુકેશભાઈનો ડુમો સંભળાઈ રહ્યો હતો.

જમાઈ બોલતો રહ્યો. મામા તમે રડો છો શા માટે ? આમાં મે ક્યાં મોટો મીર માર્યો છે ? અને , આ તો તમે વાવેલો સંબધ છે, જે હવે સોળ આની ફસલ સાથે ઊગી નિકળ્યો છે.એ રાત્રે મુકેશભાઈ એમની પત્નીને કહી રહ્યા હતા, મને એ સમજાતું નથી કે બ્રહ્માંડનું સંચાલન કરતી જે અદષ્ય શક્તિ છે એના મનમાં શું રહેલું છે ! જયશ્રી ભુલી પડી, એ દુર્ઘટના હતી ? કે સુ-ઘટના ? કે પછી મે ખરે સમયે નિશ્વાર્થ બુધ્ધિથી મારી ફરજ સમજીને કરેલું કૃત્ય આપણને આ ચમત્કાર બતાવી રહ્યું છે ? કે પછી લોકો કહે છે એ સાચું હશે કે ઈશ્વર સારા માણસોનું ધ્યાન હંમેશા રાખતો જ હોય છે. બાકી આપણે કયાં આવી કોઈ અપેક્ષા રાખી હતી ?

લેખક : ડૉ.શરદ ઠાકર



### વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ગત વર્ષમાં આઠ હજારથી વધુ ખ્રિસ્તી લોકોની સતાવણી કરાઈ છે :ક્રિશ્ચિયન ઓરગેનાઇઝેશન

ભારતમાં ગત વર્ષ દરમિયાન ખ્રિસ્તી લઘુમતીઓ સતાવણીના શિકાર બન્યા છે એવા સમાચારો ક્રિશ્ચિયન ઓરગેનાઈઝેશન દ્વારા આપવામાં આવ્યા હતા.

કેથોલીક સેક્યુલર ફોરમના રીપોર્ટ મુજબ સાત પ્રોટેસ્ટંટ પાસ્ટર અને એક લે મેન ના ૨૦૧૫ના વર્ષ દરમિયાન ખુન કરવામાં આવ્યા હતા.રીપોર્ટ ડોક્યુમેન્ટમાં ૨૦૦ બનાવોને ટાંકવામાં આવ્યા હતા જેમાં અપશબ્દો બોલવા,ગંદી ગાળો આપવી,તેમજ હિંસા કરવી મુખ્ય હતા.ભારતમાં ખ્રિસ્તીઓ પુરુષો, મહિલાઓ અને બાળકો સતાવણીના ભોગ બન્યા છે.

આ રીપોર્ટમાં મધ્યપ્રદેશની ઘટના હાઈલાઈટ કરવામાં આવી કેજેમાં મધ્યપ્રદેશ એવું રાજ્ય છે કે જેમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધનું વાતાવરણ સર્જવામાં આવ્યું છે.ત્યારબાદ તામીલનાડુ, અને ઝારખંડ એવા રાજ્યો છે જ્યાં ખ્રિસ્તી લઘુમતીઓની હિદુ કટ્ટરવાદીઓ દ્વારા સતાવણી કરવામાં આવી રહી છે.

મધ્ય પ્રદેશમાં ખ્રિસ્તીઓ પર હુમલાનું કારણ એ દર્શાવાય છે કે તેઓ દલિતોને ખ્રિસ્તી ધર્મમાં ધર્મ પરિવર્તન કરવા માટે પ્રયાસ કરે છે.તેથી મધ્યપ્રદેશે તેમણે ઘડેલો ધર્મપરિવર્તનનો કાયદો વધુ મજબુત કર્યો છે.પરંતુ સીએસએફ ના વડા જોસેફ ડાયસો જણાવ્યુ હતું કે જબરજસ્તીથી કોઈનું ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન કરવું એ અમારો વિશ્વાસ કહેતો નથી.અમારો ધ્યેય પણ એ નથી કે કોઈને બળજબરીથી,ફોસલાવીને કે લાલચ આપીને અમે ધર્મ પરિવર્તન કરીએ.

પરંતુ ઓપન ડોર વર્લ્ડ વાઈડના રીપોર્ટમાં જણાવેલ આંકડાઓ કંઈક અંશે ફેરફાર સુચવે છે.તેમના રીપોર્ટ પ્રમાણે ૩૫૦ જેટલા ખ્રિસ્તીઓને શારીરીક રીતે હુમલા કરીને ઈજા પહોચાડાઈ છે,અને નવ જેટલા ખ્રિસ્તીઓના તેમના ખ્રિસ્તી વિશ્વાસને લીધે આ હુમલામાં મોત નિપજ્યા છે.આ હુમલાઓમાં મુખ્યત્વે હિંદુ કટ્ટરવાદીઓ,મુસ્લીમ આતંકીઓ ,શીખ,બુધ્ધિષ્ટ અને માઓઈસ્ટ સામેલ છે.ઓપન ડોરના રીપોર્ટ પ્રમાણે ભારત સહુથી વધુ સતાવણી




કરવાના વિશ્વ ક્રમાંકે ૧૭માં નંબરે છે.

ભારતમાં ભારતીય જનતા પાર્ટી સત્તાસ્થાને છે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કે હિદુત્વની આઈડ્યોલોજી આધારીત સંસ્થા છે તેમની સાથે સંકળાયેલ કટ્ટરવાદી સંસ્થાઓ ખ્રિસ્તીઓ તરફ દેશના કેટલાક ભાગોમાં સતાવણીમાં અગ્રેસર છે.ખ્રિસ્તીઓની ટ્રાઈબલ અને દલિત લોકોને કરેલી અપીલના અનુસંધાનમાં આરએસએસ,કે જે હિદુંઓનું ખ્રિસ્તી અને મુસ્લીમ ધર્મ પરિવર્તનનો વિરોધ કરે છે તેના માટે ઘરવાપસી કાર્યક્રમનું આયોજન કરેલ છે.કે જેથી હિદુ ધર્મમાંથી અન્ય ધર્મોમાં ધર્મપરિવર્તન કરેલાઓને પાછા મુળ ધર્મમાં ભેળવી શકાય.

## બાળલગ્ન આપમેળે રદ થઇ શકશે નહીં : સંસદે જરુરી સુધારા કરવા પડે : મદ્રાસ હાઇકોર્ટ

મદ્રાસ હાઈકોર્ટે હુકમ કર્યો છે કે બાળલગ્ન આપમેળે રદ થઈ શકશે નહી, તેને રદ કરવા માટે સગીર છોકરો કે છોકરી બેમંથી કોઈપણ એક પક્ષ દ્વારા વિવાહની કાયદેસરની ઉંમર થયા બાદ બે વર્ષની અંદર ફેમીલી કોર્ટમાંથી છુટાછેડા અંગેનો હુકમ મેળવવો જરુરી છે.

જજ એસ.મણિકુમાર અને જજ સી.ટી.સેલ્વમની બનેલી ખંડપીઠે હુકમ સંભળાવતાં ગત વર્ષે એપ્રિલમાં તિરુનેલવેલીની એક નીચલી અદાલતે આપેલા હુકમને ફગાવી દીધો હતો.નીચલી અદાલતે આ હુકમમાં એક મહિલાની છુટાછેડા કરવાની અરજી બાબતે વિચાર કરવાના આ આધાર અંગે ઈન્કાર કર્યો હતો કે ૧૯૯૫માં થયેલા લગ્ન વખતે તે સગીર હતી એટલે લગ્ન એવા સમયે આપોઆપ રદ ગણાય.

ખંડપીઠે કહયુ કે હિંદુ લગ્ન અધિનિયમ ૧૯૫૫ લગ્ન માટે લઘુત્તામ ઊંમર નક્કી કરે છે.અધિનિયમનું ઉલ્લંઘન કલમ ૧૧ અથવા ૧૨ અંતગર્ત વિવાહ રદ કરી દેશે, જો કે છુટાછેડાને આધાર બનાવનારી કલમ ૧૩ જણાવે છે કે દરેક બાળલગ્ન બંને પક્ષોના વિકલ્પ પર રદ કરવા યોગ્ય હશે. આ માટે પુર્વ શરત એટલી છે કે આ વિકલ્પનો ઉપયોગ લગ્નની ઉંમર(પુરુષ માટે ૨૧ વર્ષ અને મહિલા માટે ૧૫ વર્ષ) થયા બાદ બે વર્ષમાં કરવામાં આવ્યા હોય.

આ અંગે હાઈકોર્ટની સમગ્ર બેન્ચ દ્વારા સંપુર્ણ નોંધ લેવામાં આવી હતી.ખંડપીઠે નોધ્યુ હતું કે સંસદ પણ આ ગુંચવાડા દુર કરવા માટે જરુરી સુધારા કરશે.

## બાંગ્લા દેશમાં ઇસ્લામ સત્તાવાર ધર્મ ન ગણાય એવી શક્યતાઓ વધી

બાંગ્લાદેશમાં અન્ય ધર્મોમાં આસ્થા રાખતા લોકો પર થતાં હુમલાઓને પગલે તેના સત્તાવાર ધર્મ તરીકે ઈસ્લામને પડતો મુકે તેમ છે.ઈસ્લામીક કટ્ટરપંથીઓએ હિંદુઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લીમ લઘુમતિ શિયાઓ પર અનેક હુમલાઓ કરીને ધાર્મિક સોહાર્દનું વાતાવરણ ડહોળી નાંખ્યુ છે.હાલમા દેશની સુપ્રીમ કોર્ટમાં આ અંગેની દલીલો ચાલી રહી છે.જો બાંગ્લા દેશમાંથી ઈસ્લામ ધર્મને સત્તાવાર રીતે બદલી કઢાશે તો છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલ લડાઈને સમર્થન મળશે.બાંગલા દેશનો ૧૯૮૮થી સત્તાવાર ધર્મ ઈસ્લામ રહ્યો છે.અનેક ધાર્મિક લઘુમતિ નેતાઓની દલીલ છે કે ઈસ્લામને સત્તાવાર ધર્મ તરીકે જાહેર કરવું ગેરકાયદે છે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે આ કવાયતને દેશમાં કેટલું સમર્થન મળે છે.કેમકે આ દેશમાં ૯૦ ટકા વસ્તી તો મુસ્લીમોની જ છે.હિંદુઓ માત્ર ૮ ટકા છે અને અન્ય લઘુમતીઓ માત્ર ૨ ટકા છે.

## રાયપુરમાં ચર્ચ પર થયેલા હુમલામાં દોષીઓને બક્ષવામાં નહીં આવે : કેન્દ્રીય રાજ્ય ગૃહમંત્રી રિજીજુ

રાયપુરમાં કચના ગામમાં ચર્ચ પર થયેલા હુમલાના સંદર્ભે સાત જણાની ધરપકડ કરવામાં આવી હતી. એડી.એસ.પી. રાયપુરના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય ગૃહમંત્રાલયે આ ઘટનાનો રીપોર્ટ માંગ્યો છે.કેન્દ્રીય રાજ્યકક્ષાના પ્રધાન કિરણ રજીજુએ જણાવ્યું હતું કે દોષીઓને બક્ષવામાં નહી આવે.

એએસપીએ જણાવ્યું હતું કે આરોપીઓ માથા પર ભગવા રંગની પટ્ટી બાંધી હોવાનું મનાય છે.પીડીતોની ફરિયાદને આધારે આઈપીસીની કલમ ૪૫૨,૨૯૫, અને ૧૪૭ હેઠળ કેસ નોધાયો છે.ઘટનાસ્થળેથી ચાર બાઈક જપ્ત કરવામાં આવી છે.

## તામીલનાડુની તમામ ખાનગી શાળામાં રાષ્ટ્રગીત ફરજીયાત :મદ્રાસ હાઇકોર્ટનો આદેશ

મદ્રાસ હાઈકોર્ટ દ્વારા તામિલનાડુની દરેક ખાનગી શાળામાં સવારની પ્રાર્થના સાથે રાષ્ટ્રગીત ગાવાનુ ફરજીયાત કરવામાં આવ્યું છે.ચીફ જસ્ટીસ સંજય કિશન કૌલ અને જજ એમ.એમ.સુદ્રેશની બેંચ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.પુર્વ કર્મચારી એન.સેલ્વાથિરુમલે હાઈકોર્ટમાં ખાનગી શાળાઓમાં રાષ્ટ્રગીત ગાવા બાબતે રીટ કરી હતી. જેની સુનાવણી સમયે હાઈકોર્ટ દ્વારા કેન્દ્ર તેમજ રાજયના માધ્યમિક એજ્યુકેશન વિભાગ તેમજ કેન્દ્રીય માનવ સંશોધન મંત્રાલયને આદેશ કરી તમામ ખાનગી શાળામાં રાષ્ટ્રગીત ગવાય છે કે કેમ તેની તપાસ કરવા જણાવ્યુ હતુ.

સોલ્વાથિરુમલના જણાવ્યા અનુસાર તામિલનાડુની ખાનગી શાળામાં રાષ્ટ્રગીત ગાવામાં આવતું નથી.મને એક આરટીઆઈથી જાણવા મળ્યું છે કે કેન્દ્ર સરકારના આદેશનું પાલન ન થતું હોય મને અદાલતના શરણે જવાની ફરજ પડી હતી.જે રિટની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસ સંજય કિશન કૌલ અને જજ એમ.એમ. સુદ્રેશની બેચ દ્વાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

૧૯૮૦ના વર્ષ સુધી સમગ્ર વિશ્વમાં એકમાત્ર ભુતાન જ એવો દેશ હતો જ્યાં ટેલીફોન વ્યવસ્થા ન હતી.

ઈગ્લેન્ડમાં ગૃહ અધ્યક્ષાને ગૃહમાં બોલવાની છુટ નથી હોતી.

વ્યક્તિ વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૧૪૬૦ સપના જુએ છે.

સૌથી લાંબુ યુધ્ધ બ્રિટન અને ફ્રાંન્સ વચ્ચે ખેલાયું હતું.આ યુધ્ધ ૧૧૬ વર્ષ સુધી ચાલ્યું હતું.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.